ડિસેમ્બર ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ





# આવું મારી સાથે જ કેમ ?

## સંપાદકીય

બાળમિત્રો,

ઘણી વાર આપણી સાથે એવા પ્રસંગો બનતા હોય છે જે આપણને જરાય મંજૂર ન હોય. દા.ત. બધા તોફાન કરતા હતા, છતાં ટીચર મને જ કેમ વઢ્યા ? દર વખતે પરીક્ષા વખતે જ હું કેમ માંદો પડું છું ? મમ્મી પપ્પા, નાના ભાઈનું જ ધ્યાન કેમ રાખ્યા કરે છે ? હું દર વખતે વધારે મહેનત કરું છું, છતાં મને ઓછા માર્ક્સ જ કેમ આવે છે ? વગેરે. અંતે આપણે એ પ્રશ્ન સાથે અટકી જઈએ છીએ કે અંતે મારી સાથે જ આવું કેમ થાય છે ? જેનો આપણી પાસે કોઈ સંતોષકારક જવાબ હોતો નથી.

લોકો આપણને એવું શીખવાડે કે ખરેખર આમાં તારી કોઈ ભૂલ નહોતી, સામાની ભૂલને કારણે તારે ખોટું ભોગવવું પડ્યું. આમ આપણે સામાનો દોષ જોતા થઈ જઈએ છીએ.

પણ, આપણને જ્યારે કંઈ પણ દુઃખ આવે છે એમાં ખરેખર ભૂલ કોની છે, એ રહસ્ય પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં ખુલ્લું કર્યું છે. તો આવો, એ સમજીએ અને ગમ્મે એવી પરિસ્થિતીમાં સમાધાનપૂર્વક જીવીએ.

-ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૪
સળંગ અંક : ૮૮
ડિસેમ્બર ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...


કંઈ પણ ભૂલ વગર આપણને ભોગવવાનું આવે છે ત્યારે એમ થાય કે આમાં મારી શી ભૂલ ? મેં શું ખોટું કર્યું આમાં ? મારી સાથે આવું કેમ થયું ?

એક ક્ષણવાર જગત કાયદા વગર રહેતું નથી. ઈનામ આપવાનું હોય એને ઈનામ આપે છે. દંડ આપવાનો હોય એને દંડ આપે છે. આમ જગત સંપૂર્ણ ન્યાયપૂર્વક જ છે. આપણી દૃષ્ટિમાં નહીં આવવાથી ન્યાય દેખાતો નથી. જ્યાં સુધી સ્વાર્થ દૃષ્ટિ હોય ત્યાં સુધી ન્યાય કઈ રીતે દેખાય ?

પ્રશ્નકર્તા : કોઈ આપણને કંઈ બોલી જાય, આપણો વાંક ના હોય તો પણ બોલે તો ?

દાદાશ્રી : આપણો વાંક ના હોય ને બોલે, તે એવો કોઈને અધિકાર નથી બોલવાનો. જગતમાં કોઈ માણસને તમારો વાંક ના હોય ને તમને દુ:ખ આપે એવો કોઈને અધિકાર નથી. માટે આ બોલે છે, તો તમારી કોઈ ભૂલ છે. એ ભૂલનો બદલો આ માણસ તમને આપી રહ્યો છે. માટે એના તરફ ભાવ ન બગાડવો જોઈએ. અને આપણે શું કહેવું જોઈએ કે પ્રભુ એને સદ્‌બુદ્ધિ આપજો.

પ્રશ્નકર્તા : આપણે કોઈની જોડે બિલકુલ સીધા ચાલતા હોઈએ તોય આપણને લાકડી મારે, તો આપણે એમ સમજવાનું કે મારી ભૂલનું પરિણામ છે ?



દાદાશ્રી : ચોક્કસ. લાકડી મારી તે જ ન્યાય ! બાકી આ દુનિયામાં કોઈ કશું કરી શકે એમ છે જ નહીં. જે ભૂલો થઈ ગઈ છે, એ છોડવાની નથી. આ જગતમાં કોઈ જીવ કોઈ જીવને તકલીફ આપી શકે નહીં એવું સ્વતંત્ર છે. અને તકલીફ આપે છે તે પૂર્વે ડખલ કરેલી તેથી. પોતાના હિસાબ વગર એક મચ્છર પણ કરડી શકે નહીં. હિસાબ છે તો જ દંડ આવ્યો છે.

પ્રશ્નકર્તા : દુ:ખ આપનારને ભોગવવું તો પડશે જ ને ?

દાદાશ્રી : પછી, એ ભોગવે તે દહાડે એની ભૂલ ગણાશે. પણ આજે તમારી ભૂલ પકડાઈ.

પ્રશ્નકર્તા : ભોગવવું ના પડે, એને માટેનો શો ઉપાય ?

દાદાશ્રી : કોઈને કિંચિત્‌માત્ર દુ:ખ ના આપીએ, આવેલા દુ:ખમાં કોઈને દોષિત જોયા વગર, સમતામાં રહી પૂરું કરે તો આપણા ચોપડા ચોખ્ખા થઈ જાય. તમે જેટલું જેટલું જેને જેને આપ્યું હશે, તેટલું તેટલું તમને તે પાછું આપશે, ત્યારે તમે જમે કરી લેજો ખુશ થઈને, કે હાશ ! હવે ચોપડો પૂરો થશે. નહીં તો ભૂલ કરશો તો પાછું ભોગવવું પડશે જ !

જે દુ:ખ ભોગવે તેની ભૂલ અને સુખ ભોગવે તો એ એનું ઈનામ.



# આ તો નવી વાત !

કુદરતનો ન્યાય કેવો છે ? કે તમે જો ચોખ્ખા માણસ હો અને આજે જો તમે ચોરી કરવા જાવ, તો તમને પહેલાં જ પકડાવી દેશે. અને મેલો માણસ હોય, તેને પહેલાં દિવસે એન્કરેજ (પ્રોત્સાહિત) કરશે. કુદરતનો આવો હિસાબ હોય છે કે ચોખ્ખો રાખવો છે. એટલે એને ઊડાડી મારે, હેલ્પ નહીં કરે અને પેલાને હેલ્પ જ કર્યા કરશે. અને પછી જો માર મારશે, તે ફરી ઊંચો નહીં આવે. એ બહુ અધોગતિમાં જશે, પણ કુદરત એક મિનિટ પણ અન્યાયી થઈ નથી.






કોઈ તમને દુઃખ દેતો હોય તો એની ભૂલ નથી. પણ તમે જો દુઃખ ભોગવતા હોય તો તમારી ભૂલ. આ કુદરતનો કાયદો. જગતનો કાયદો કેવો ? દુઃખ દે, એની ભૂલ.



આ દુનિયામાં કોઈ જન્મ્યો નથી કે જે કોઈને કશું કરી શકે. એટલું બધું નિયમવાળું જગત છે. આખું ચોગાન સાપથી ભરાયું હોય, પણ એકેય સાપ અડે નહીં. એટલું નિયમવાળું જગત છે.



સામો દુઃખ ભોગવતો હોય ત્યારે આપણે એમ નથી જોવાનું કે એની ભૂલ છે. ત્યારે આપણે 'મારે મદદ કરવી જોઈએ. હું કઈ રીતે એને મદદ કરું ?' એવી રીતે જોવાનું છે.



# સુખ દુઃખના રહસ્યો

ભગવાન મહાવીર પર્ષદામાં (સભા) બિરાજમાન હતા. પર્ષદામાં સૌ કોઈ એક ચિત્તથી ભગવાનની વાણી સાંભળી રહ્યા હતા. ભગવાનની વાણીનો નાદ દૂર સુધી ફેલાઈ રહ્યો હતો. એવામાં પર્ષદાના એક ખૂણામાં કંઈ કોલાહલ સંભળાયો. પ્રભુના નેત્ર એ દિશામાં સ્થિર થયા. સૌનું ધ્યાન એ તરફ દોરાયું.

જોયું તો, એક વૃદ્ધ પુરુષ કકળાટ કરી રહ્યો હતો. એનું આખું શરીર રોગગ્રસ્ત હતું. અસહ્ય પીડાથી એ બુમો પાડી રહ્યો હતો. એનો દેખાવ ચીતરી ચડે એવો હતો. એ વૃદ્ધ સાથે ચાર માનવીઓ પણ હતા. એમના દેહ તો માનવીના હતા પણ દીદાર જુઓ તો નર્યા પિશાચ જ! એમાં ત્રણ પુરુષો હતા અને એક સ્ત્રી હતી. એકને જુઓ અને બીજાને ભૂલો એવા એ કરૂપ હતા.

સભા તો આ પાંચેવને જોઈ જ રહી. રોગી વૃદ્ધ, પ્રભુની સન્મુખ આવીને બોલ્યો, "દીનાનાથ ! બળ્યો મારો આ અવતાર. જન્મ ધરીને સુખનો છાંટો પણ પામ્યો નથી. મારે મારા દીકરા-દીકરી બધાય દુશ્મન બની બેઠા છે. પ્રભુ ! મુજ નિરૂઅપરાધીનો કંઈ વાંક- ગુનો?"

ભગવાને ખૂબ પ્રેમપૂર્વક કહ્યું, "વત્સ, આપણે કુકાર્ય કર્યું હોય, તો જ એના કડવાં ફળ વેઠવા પડે. આપણા દુઃખનું કારણ આપણે પોતે જ છીએ. દીકરા-દીકરી કે દુનિયા તો માત્ર નિમિત્ત જ છે."

વૃદ્ધ શાંત બનીને સાંભળી રહ્યો. પર્ષદા પણ એકચિત્ત બની ગઈ.

વૃધ્ધને સમાધાન ન થતાં એણે પૂછ્યું, "કુકાર્ય? એવું કોઈ કુકર્મ મેં કર્યું હોય, એવું મને જણાતું નથી."

પ્રભુએ કહ્યું, "અત્યારે તું જે ફળ ભોગવી રહ્યો છે, એ તારા પાછલા જન્મમાં કરેલા કુકર્મોનું ફળ છે. જેના પરિણામે તું આ અવતારે લગીરે સુખ પામ્યો નથી."

વૃધ્ધે વધુ પૂછ્યું, "હે પ્રભુ! શું મારા આ પુત્ર-પુત્રીઓ પણ પાછલા જન્મમાં મેં કરેલા કુકર્મોમાં સહભાગી હતા?"

પ્રભુ બોલ્યા, "હા વત્સ. એના વગર તો એમને પણ દુઃખ આવે જ નહીં ને!"

આ સાંભળી વૃધ્ધના બધા પુત્રો-પુત્રીઓ ભગવાન સમક્ષ આવ્યા. બન્ને હાથ જોડી ખૂબ વિનયપૂર્વક મોટા પુત્રે ભગવાનને પૂછ્યું, "હે પ્રભુ! કૃપા કરી અમને અમારો ગુનો બતાવો જેથી અમારા મનનું સમાધાન થાય. કારણ કે આ ભવમાં તો અમે કંઈ ખરાબ કર્યું જ નથી."

બીજા પુત્રે પણ નજીક આવી ભગવાનને કહ્યું, "હા પ્રભુ, અમારા કયા કર્મોના અમને આવા ખરાબ ફળ ભોગવવા પડે છે, એ અમને વિગતવાર જણાવવા કૃપા કરો."

પ્રભુએ કહ્યું, "તો સાંભળો અને પછી તમારા દુઃખના કારણોનો નિર્ણય તમે પોતે જ કરજો!"

પ્રભુએ કથની શરૂ કરી...

"જુગજુગ પહેલાની આ વાત છે. કુઆપુર નામે નગર હતું. તેમાં દુર્ગ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એ ભણેલો-ગણેલો અને હોશિયાર હતો. પણ એને વિદ્યા કરતા ધન પર પ્રિતી વધારે. ધર્મનો પણ સગવડીયો જ ઉપયોગ કરે. ધન મળતું હોય ત્યાં એ વિવેક ભૂલી જાય.

દુર્ગ બ્રાહ્મણને ચાર દીકરા. એ ચારેયને એણે કળાઓ અને વિદ્યાઓમાં કુશળ બનાવ્યા. પણ કામ કરવાના એ ભારે આળસુ. આખો દિવસ ખાઈ-પીને ફર્યા કરે અને ખર્ચ કર્યા કરે. બ્રાહ્મણને આખા કુટુંબનો ભાર એકલા જ ખેંચવો પડતો! એક રળે અને બધાય ખાય, એ ઘર કેટલા દિવસ નભે? ધીમે ધીમે ઘરમાં દરિદ્રતા આવવા લાગી. ભારે ચિંતાના દિવસો આવી પડ્યા. ભૂખે મરવાનો વારો આવ્યો!

બ્રાહ્મણે ચારે દીકરાને બોલાવીને કહ્યું, "હવે તો ભૂખે મરવાના દિવસો આવ્યા છે. અત્યાર સુધી તમે બહુ લહેર કરી. પણ હવે કંઈક સમજો. અને ગમે તેમ કરીને ધન કમાઈને લાવો."

દીકરાઓએ પિતાજીને કહ્યું, "પિતાજી, લક્ષ્મી તો આવડતની દાસી છે. અને અમને અમારી આવડત ઉપર પૂરો વિશ્વાસ છે. આ દુઃખના દહાડા હમણાં વીતી ગયા સમજો!"

**પ્રભુએ કહ્યું, "અત્યારે તું જે ફળ ભોગવી રહ્યો છે, એ તારા પાછલા જન્મમાં કરેલા કુકર્મોનું ફળ છે. જેના પરિણામે તું આ અવતારે લગીરે સુખ પામ્યો નથી."**

બીજા દીકરાઓએ પણ મોટા દીકરાની 'હા' માં 'હા' કરી. બ્રાહ્મણ દીકરાઓની વાત સાંભળી ખુશ થઈ ગયા. તેઓ બાલ્યા, "સરસ. તો જાઓ અને ધન કમાઈને લાવો. મારા આશીર્વાદ તમારા સૌની સાથે જ છે."

અને બધા દીકરાઓ અલગ અલગ રસ્તે ધન કમાવા નીકળી પડ્યા.

મોટો દિકરો પાસેના ગામમાં ગયો. એના પિતાના કાકા, એ ગામમાં રહેતા હતા. એ વૃદ્ધ હતા અને મિજાજના ભારે કડક હતા. પણ પોતાના ભત્રીજાનો દીકરો ઘણા વખતે આવ્યો હતો. એટલે વૃદ્ધે પોતાના પૌત્રને આવકાર આપી સારી રીતે જમાડ્યો.

પેલાએ કહ્યું, "દાદા, મારા પિતાજીએ પોતાનો ભાગ માંગવા અહીં મોકલ્યો છે. અમારો જે ભાગ હોય તે ઝટ આપી દો."

આ વાતથી દાદા ક્રોધથી ધમધમી ઊઠ્યા અને ભારે આકરા વેણ બોલવા માંડ્યા, "અરે નાલાયક ! તારો બાપ ધર્મવિદ્યાને બદલે ઠગવિદ્યા ભણ્યો છે. એક પાઈ પણ હું આપવાનો નથી!"

પેલો છોકરો પણ આગની સામે આગ જેવો હતો. એની આંખો લાલ થઈ ગઈ અને એણે પણ સામે ન બોલવાના શબ્દો કહ્યા. પછી તો વાત ચડી મારામારીએ. એમાં પેલા વૃદ્ધના હાથે એ છોકરાને કંઈક વાગી ગયું. એ તો માંડ્યો ગાળો ભાંડવા અને રાડો પાડવા, "હવે હું રાજાને ફરિયાદ કરીશ. બ્રાહ્મણના છોકરાને માર્યો!"

આ સાંભળી વૃદ્ધને ભય લાગ્યો, હવે શું થશે ? રાજા દંડ કરશે તો ?" વૃદ્ધે જેમ તેમ કરીને છોકરાને રોક્યો. કાલાવાલા કરી પાંચસો રૂપિયા આપી શાંત પાડી વિદાય કર્યો.

ઘરે પહોંચીને છોકરાએ બાપા પાસે પોતાના પરાક્રમનું વર્ણન કર્યું. ધનના લોભી એના પિતાજીને તો પાંચસો રૂપિયા સાકર જેવા લાગ્યા. દીકરાનો વાંક શોધવો તો દૂર રહ્યો, એણે તો ઉપરથી એને શાબાશી આપી ! દિકરો ક્રોધ કરી, લડાઈ ઝઘડા કરી, લોકો પાસેથી પૈસા પડાવવમાં નિષ્ણાંત બની ગયો.

બ્રાહ્મણનો બીજો છોકરો કુશસ્થળ ગામે પહોંચ્યો. એ ગામમાં ભુઈલ નામના એક યોગીએ ધતિંગ જમાવ્યું હતું. સિદ્ધિઓની મોટી મોટી વાતો કરી એ લોકો પાસેથી પુષ્કળ પૈસા પડાવતો હતો. બ્રાહ્મણનો દિકરો પણ આડંબર અને મિથ્યાભિમાન કરવામાં જરાય ઓછો ઉતરે તેમ નહોતો. એણે પણ મોટા યોગી જેવો વેશ રચ્યો અને પહોંચ્યો પેલા યોગી પાસે. ભુઈલને થયું, "આ તો શેરને માથે સવાશેર મળ્યો. હવે મારી દુકાન નહીં ચાલવાની." એણે તો નવા યોગી સાથે ઝટ સંધી કરી લીધી, "અરે ભાઈ, આપણે તો ભાઈઓ કહેવાઈએ, જે મળે એમાંથી અડધું અડધું વહેંચી લઈશું."

બ્રાહ્મણના છોકરાને તો આટલુ જ જોઈતું હતું. દીકરાનો બાપ તો પૈસાની કોથળીઓ જોઈને ગાંડો ઘેલો થઈ ગયો અને આડંબર કરીને પૈસા કમાવવા માટે તેણે પોતાના દિકરાને ખૂબ પ્રોત્સાહન આપ્યું.

ત્રીજા દિકરાએ લોકોને ઠગીને કમાણી કરવાનો માર્ગ શોધ્યો. એણે એક મોટા કીમીયાગરનો વેશ રચ્યો. લોભી લોકોને પોતાની માયાજાળમાં ફસાવીને એમની સંપત્તિ લુંટવા લાગ્યો. પિતાજીએ પોતાના દીકરાને ઠગવાની કળા માટે ખૂબ શાબાશી આપી.

ચોથો દીકરો ધનની શોધમાં દરિયાને પેલે પાર પહોંચી ગયો. ત્યાં એને એક બાવાજી મળ્યા. બાવાજીનો વેશ તો હતો સાધુનો પણ એમની ઝોળી કીમતી હીર-માણેક-મોતીથી ભરેલી હતી. બ્રાહ્મણના લોભિયા દીકરાને તો ભાવતા ભોજન મળી ગયા જેવું થયું. એ બાવાજીનો ચેલો બની ગયો. ગુરુની ખૂબ સેવા ચાકરી કરે. ગુરુ પણ એના પર ખૂબ પ્રસન્ન રહે. ગુરુ તો જાણે ચેલાની ભક્તિના દાસ બની ગયા. પણ ચેલાનું ધ્યાન હમેંશા ગુરુના ધન પર જ રહેતું. અને એક રાત્રે લાગ જોઈને, ચેલો ગુરુનું બધું ધન લુંટીને છુમંતર થઈ ગયો. બ્રાહ્મણ પિતાએ ભગવાનનો પાડ

માન્યો કે "ભગવાન, દિકરા હોજો તો આવા હોજો!"

આ કથની સંભળાવી ભગવાન મહાવીરે પેલા રોગીષ્ટ વૃદ્ધને કહ્યું, "એ દુર્ગ બ્રાહ્મણ એ તારો જ અવતાર.

એ ભવમાં ક્રોધ અને કલેશ કરીને ધન રળનાર એ તારો દિકરો તે ચંડ.

માન અને મિથ્યાભિમાનથી ધન ભેગું કરનાર તારો બીજો પુત્ર પ્રચંડ.

છેતરપીંડીથી ધન ભેગું કરનાર તારો ત્રીજો પુત્ર તે તારી આ દિકરી ચંડલી અને ધનના લોભે પોતાના ગુરુનો દ્રોહ કરનાર તારો આ ચોથો પુત્ર તે આ વોમ!

એ ચારે દિકરાઓએ ઉંધે માર્ગે લાવેલ ધનને સંઘર્યું અને એ ધન લઈને તું રાજી થયો. એ તારું પાપ આ ભવે પાક્યું અને તું દુઃખીયારો બની ગયો. અને તારા સંતાનો પણ એમના પોતાના પાપ કર્મને કારણે સુખનો અંશ પામ્યા નથી. જે જીવો કોઈ પણ રીતે બીજાને દુઃખ આપશે, એ તારા અને તારા દીકરા-દીકરીની જેમ જીવનભર દુઃખી થશે. જે બીજાને સુખ આપશે, એને દુનિયાની કોઈ શક્તિ દુઃખી નહીં કરી શકે. પોતાના દુઃખનું કારણ જીવ પોતે જ છે."

ભગવાનની વાણીથી વૃદ્ધને પોતાના દુઃખનું સમાધાન મળ્યું. એને અને એના પુત્રોના એમના એ પ્રશ્નનો જવાબ મળી ગયો કે "આવું મારી સાથે જ કેમ?"
























# કેન્યા - દુબઈ ટુર દરમ્યાન બાળકો સાથે પૂજ્યશ્રી










REHJO





# મેસેન્જર



ઓહ નો ! ડ્રાઈવરની તો ઐસી કી તૈસી ! હે ભગવાન, હું સ્કુલે ટાઈમસર પહોંચી જાઉં.
હે પનોતી..... હવે મારો પીછો છોડ ! દર વખતે મારી સાથે જ આવું કેમ થાય છે ?
વાચા સ્કૂલે પહોંચી ત્યારે હિસ્ટોરિકલ ટુર પર જવા માટે બધા બાળકો સ્કૂલ ગેટ પાસે, સ્કૂલ બસની રાહ જોઈ રહ્યા હતા.
થેંક ગોડ. સ્કૂલ બસ હજી આવી નથી.
ત્યાં તો વાચાએ વૈશાલીને સામેથી આવતા જોઈ.
હાય વૈશાલી ! આ શું થઈ ગયું તને ?
અરે કંઈ નહીં યાર, આ તો રમતા રમતા ચિન્ટુનો ધક્કો વાગી ગયો અને બસ, પાટો આવી ગયો. જો, આપણી બસ આવી ગઈ.


બસનો પહેલો સ્ટોપ સોનમહેલ હતો. મહેલમાં ખૂબ ઠંડક હોવા છતાંય વાચા અંદરથી ઉકળી રહી હતી.
શું થયું તને ? કેમ આટલી અપસેટ છે ?
બસમાં પેલા સીન્યર્સ મને ધક્કો મારીને આગળ જઈ બેસી ગયા. મને બેસવા માટે સરખી જગ્યા પણ ન મળી. દર વખતે મારી સાથે જ આવું કેમ થાય છે ?
એક વાત સમજાવું. પરીક્ષાનું રિઝલ્ટ આપણું ૯૦ ટકા આવે તો આપણે ન સમજીએ કે ૧૦ ટકા જેટલી આપણે ભૂલો કરી હશે એનું આ પરિણામ છે ! આપણે એમાં ટીચર પર ખિજાઈએ છીએ કે આપણી ભૂલ સમજીએ ?
એમાં આપણે પોતાની ભૂલ સમજી શકીએ છીએ પણ આ ધક્કો મારે એ તો ઉઘાડી એમની જ ભૂલ છે ને ?
એ જ રીતે આપણને કંઈ પણ ભોગવવું પડે છે, તે આપણી જ ભૂલનું પરિણામ આપણને મળે છે.
વૈશાલી કંઈ આગળ કહેવા જાય ત્યાં તો ગાઈડે માહિતી આપી.
આ છે રાજા અભયસિંહનો કારાગૃહ. આ કારાગૃહની ખાસિયત એ છે કે આ જગ્યાએ રાજા, ખરાબ સંદેશો આપવા આવનાર દૂત (મેસેન્જેર)ને સજા આપી પૂરી દેતો.


કેવો મૂર્ખ રાજા કહેવાય ! મેસેન્જર્સ પર ગુસ્સો કરાતો હશે ?
હમ... મેસેન્જર્સ પર ગુસ્સો કરીને શું ફાયદો ? તો પછી તું કેમ મેસેન્જર્સ પર અપસેટ થાય છે ?
કયા મેસેન્જર્સ ? કોના મેસેન્જર્સ ?
બસમાં જે સીન્યર્સ તને ધક્કો મારીને આગળ નીકળી ગયા, એ પણ કુદરતના મેસેન્જર્સ હતા. તારી જ કોઈ ભૂલનું પરિણામ આપવા એ આવ્યા હતા.
એટલે ?
આજે કોઈ વ્યક્તિ આપણી સાથે કંઈ પણ ખરાબ કરે, એનો મતલબ એ છે કે પૂર્વે આપણે કરેલી કોઈ ભૂલનું પરિણામ આપવા આવનાર એ મેસેન્જર છે. હવે ભૂલ આપણી હોય તો પછી મેસેન્જરનો ગુનો જોવાતો હશે?
એનો મતલબ એમ કે ચિન્ટુએ તને ધક્કો મારીને પાડી દીધી અને તને પાટો આવ્યો એ તારી ભૂલ છે ? ચિન્ટુની નહીં ?
એક્સેક્ટલી ! બોલ, હવે આવી સમજણ જો હાજર રહે તો એ પ્રશ્ન ઊઠે જ નહીં ને કે આવું મારી સાથે જ કેમ ?! ઉલટું, આપણે તો ખુશ થવું જોઈએ કે આપણા હિસાબના દંડમાંથી એક દંડ ઓછો થયો.
જેમ આપણે આજે આપણી ભૂલનો દંડ ભોગવ્યો એમ સૌએ પોતપોતાની ભૂલોના દંડ ક્યારેક તો ભોગવવા જ પડે.
હમ... પણ ચિન્ટુ અને એ સીન્યર્સની ભૂલ તો હતી જ ને ! એમને એમની ભૂલનો દંડ નહીં મળે ?



ત્યાં તો ટીચરે બાળકોને લંચ માટે બોલાવ્યા.
દસ જ મિનિટમાં બહાર ગાર્ડનમાં લંચ આપવાનું શરૂ થશે. જલદી જલદી બધા ગાર્ડનમાં પહોંચી જાઓ.
લંચની લાઈનમાં ઊભેલી વાચાએ અન્ય બાળકોની પ્લેટમાં સમોસા જોયા અને એના મોઢામાં પાણી છૂટ્યું. જ્યારે એનો નંબર આવ્યો ત્યારે.....
સોરી દીકરા, સમોસા ખલાસ થઈ ગયા.
વ્હોટ ??
આવું મારી સાથે જ કેમ ? આ લોકોને પીરસતા જ નથી આવડતું. પેલો જાડીયો પીન્ટુડો એની પ્લેટમાં પાંચ સમોસા લઈને બેઠો છે !
પણ આ વિચાર આવતાની સાથે, તે જ ક્ષણે એને કંઈક ઝબકારો થયો. કશું જ બોલ્યા વગર, ચુપચાપ બાકીની વાનગીઓ પ્લેટમાં લઈને, વાચાએ પ્રાપ્ત ભાણાની મજા માણી !



# જીવંત ઉદાહરણ

આર્થર આશે વિશ્વ પ્રખ્યાત વિમ્બલ્ડન પ્લેયર હતા. જ્યારે એમને એક જીવલેણ બિમારી થઈ ત્યારે દુનિયાભરથી એમના શુભેચ્છકોએ એમને અનેક પત્રો મોકલ્યા.

એક શુભેચ્છકે એના પત્રમાં લખ્યું, "આવું તમારી સાથે જ કેમ બન્યું ? ભગવાને આવી જીવલેણ બિમારી માટે તમને જ કેમ પસંદ કર્યા ?"

આ પત્રનો જવાબ આપતા આશેએ લખ્યું, દુનિયાભરમાં ૫ કરોડ બાળકો ટેનિસ રમવાનું શરૂ કરે છે. એમાંથી ૫૦ લાખ ટેનિસ રમતા શીખે છે. એમાંથી ૫ લાખ પ્રોફેશનલ ટેનિસ રમતા શીખે છે. એમાંથી ૫૦,૦૦૦ પ્રોફેશનલ કોમ્પિટિશનમાં સિલેક્ટ થાય છે. એમાંથી ૫૦૦૦ ગ્રાન્ડ સ્લેમ સુધી પહોંચે છે. એમાંથી ૫૦ વિમ્બલ્ડન સુધી પહોંચે છે. એમાંથી ૪ સેમી- ફાઈનલ સુધી પહોંચે છે. એમાંથી ૨ ફાઈનલ સુધી પહોંચે છે. અને એમાંથી ૧ ચેમ્પિયનશીપ જીતે છે.

જ્યારે મેં મારી ચેમ્પિયનશીપની ટ્રોફી ઊંચકી હતી ત્યારે મેં ભગવાનને એવું નહોતું પૂછ્યું કે 'વાય મી ? ૫ કરોડની સંખ્યામાંથી આના માટે તમે મને જ કેમ પસંદ કર્યો ?' તો પછી, આજે જ્યારે હું પીડામાં છું ત્યારે હું ભગવાનને એવું કેવી રીતે પૂછી શકું કે 'વાય મી ? આના માટે હું જ કેમ !'

બાળમિત્રો, આર્થર આશેની કેવી ઉંચી સમજણ કહેવાય ! જરાય ક્લેષિત થયા વિના પોતાના જ હિસાબના ઈનામો અને દંડોનો એમણે શાંતિથી સ્વીકાર કર્યો હતો.

# પેપર કપ બેલ – એક્ટિવીટી

જરૂરી સામગ્રીઓ :- પેપર કપ, પાઈપ ક્લીનર, મોટા બીડ્ઝ, ગોળ બેલ અથવા જિંગલ બેલ (ઘંટડી), ગીફ્ટ રીબીન, પોસ્ટર પેઈન્ટીંગ કલર અથવા એક્રેલીક કલર, પેઈન્ટીંગ બ્રશ (પીંછી), ગ્લીટર, કાતર



પેપર કપની પાછળનાં નીચેના ભાગમાં પેન્સિલથી એક નાનું કાણું પાડો.




કપને પોસ્ટર કલરથી પેઈન્ટ કરો. જો પેપર કપ ગ્લોસી હોય તો કપ પર એક્રેલીક કલર કરો.



કલર જ્યારે તાજો (ભીનો) હોય ત્યારે જ એના પર ગ્લીટર છાંટો.




પાઈપ ક્લીનરનાં એક છેડા પર એક નાનું લુપ કરીને પેન્ડયુલમ જેવું બનાવો અને આ લુપ પર ૩ ઈંચ લાંબી દોરી બાંધો.



દોરીના છેડા પર એક ગોળ ઘંટડી લગાવો.



પાઈપ ક્લીનરનો બીજી બાજુનો છેડો પેપર કપની નીચેના કાણાંમાંથી છેક સુધી પસાર કરો.



હવે પાઈપ ક્લીનર માંથી એક બીડ પસાર કરો.



પાઈપ ક્લીનરનું લુપ બનાવો અને તેને બીડના ઉપરના ભાગને અડીને બાંધી દો.



સાટીનની રીબીનને કટ કરો અને તેને બીડના ઉપરના ભાગમાં બો બનાવીને બાંધી દો.



આ બેલને ક્રિસમસ ટ્રી ની સજાવટ તરીકે લટકાવી શકાય અથવા તો તેને ક્રિસમસના કોઈ પરફોર્મન્સ કે ક્લાસ એક્ટીવીટીમાં મ્યુઝીકલ સાધન તરીકે પણ વાપરી શકાય.

# મીઠી યાદેં



એક વખત અમેરિકા લઈ જવા માટે વી.સી.ડી.નું શિપમેન્ડ રેડી કરવાનું હતું. આખું શિપમેન્ડ રેડી કરવા માટે વીસ-પચ્ચીસ દિવસનો સમય હતો. ઓર્ડર એટલો મોટો હતો કે વી.સી.ડી. બનાવવા માટે ચોવીસ કલાસ મશીન ચાલું રાખે તો પણ માંડ માંડ કામ પૂરું થાય એમ હતું. આ ઓર્ડર બનાવવાની જવાબદારી બે બહેનોના માથે હતી. એ બે બહેનોએ શિફ્ટમાં કામ કરવાનું નક્કી કર્યું. કામ એટલું બધું હતું કે બન્નેને બપોરે અને રાત્રે માંડ બે-બે કલાક ઊંઘવા મળતું. એકબીજાની ગેરહાજરીમાં બન્ને એકબીજાનું કામ સંભાળી લેતા.

આ વાતને બે-ત્રણ દિવસ વીત્યા. એક આપ્તપુત્રે નીરુમાને આ વાતની જાણ કરી કે બહેનો આમ જાગીને કામ પતાવે છે. તરત જ નીરૂમાએ બહેનોને ફોન કર્યો અને બધી પૂછપરછ કરી. હેલ્પમાં કેટલા લોકો છે, બહેનો કેવી રીતે કામ કરે છે, વગેરે બધી જ જાણકારી મેળવી.

પછી નીરુમાએ પ્રેમથી બહેનોને કહ્યું, "મેં તમારા માટે સ્પેશ્યલી ગાંઠીયા, ચેવડો, ચકરી એમ બે-ત્રણ નાસ્તા બનાવડાવ્યા છે. બીજું તમારે શું ખાવું છે? બીજું શું બનાવડાવું તમારા માટે?"

બહેનોને તો આટલા નાસ્તા પૂરતા હતા પણ ત્યાર બાદ નીરુમા રોજ બહેનોને જમવાની નવી નવી આઈટમો મોકલતા. ક્યારેક પાણી-પૂરી તો ક્યારેક પાપડીનો લોટ. વાત્સલ્યમાં જે બનતું, તે બહેનો માટે મોકલી આપતા. રોજ જમ્યા પછી નીરુમા ખાસ વી.સી.ડી. ડીપાર્ટમેન્ટની બહેનોને યાદ કરી એમના માટે જમવાનું મોકલતા.

આમ નીરુમાની સંભાળ અને કાળજીથી સહુનો કામ કરવાનો ઉત્સાહ અનેક ગણો વધી જતો અને સહુ રાજી રાજી રાતોની રાતો જાગીને પણ દાદાનું કામ કરતા.



# અને છેલ્લે છેલ્લે...

બ્રિટનમાં બાળકો તેઓને 'ફાધર ક્રિસમસ' તરીકે સંબોધતા. જર્મનીમાં તેઓ 'ક્રિસ ક્રિંગલ' છે. અને હા, તમે તેઓને 'સાંતા ક્લોઝ' તરીકે ઓળખો છો. પણ શું તમને ખબર છે કે હજારો વર્ષ પહેલાં, સાંતા ક્લોઝને લોકો 'સેઈન્ટ નિકોલસ'ના નામથી સંબોધતા?

હજારો વર્ષ પહેલાં, નિકોલસ, દરિયા કિનારે આવેલા માયરા નામનાં ગામમાં રહેતા, જે હવે તુર્કીનાં નામથી ઓળખાય છે. બાળપણથી જ તેમને ઈશ્વર માટે સૌથી વધુ પ્રેમ હતો. તેઓ ખૂબ મહેનત કરીને ભણતા, પ્રાર્થનાઓ કરતા, ગરીબ બાળકોને મદદ કરતા અને ઈશ્વરને ભજતા.

માયરામાં એક માણસ રહેતો કે જે ખૂબ ગરીબ હતો. તેને પત્ની નહોતી, પણ ત્રણ ઉંમર લાયક દીકરીઓ હતી. પરંતુ એ માણસ એટલો ગરીબ હતો કે તેની પાસે પોતાની દીકરીઓના લગ્ન માટે પણ પૈસા ન હતા. નિકોલસને તેમની આ પરિસ્થિતિની જાણ હતી. એક મોડી રાત્રે, નિકોલસે તે માણસના ઘરની બારીમાં કંઈક નાખ્યું, તે સોનું ભરેલી થેલી હતી કે જે, તે માણસની મોટી દીકરીના લગ્ન માટે પુરતી કિંમતની હતી.

તે માણસ અને તેની દીકરીઓ ખૂબ ખુશ થઈ ગયા. મોટી દીકરીનાં લગ્ન સુખરૂપ સંપન્ન થયા. પણ એ પિતા પર હજુ બીજી બે દીકરીઓનાં લગ્નની જવાબદારી બાકી હતી.

એક રાત્રે, નિકોલસ પાછો આવ્યો અને ફરીથી બારી માંથી એક સોનું ભરેલી થેલી નાખી ગયો.

આ મેળવી પિતા ખુશ તો થયા પણ સાથે વિચારમાં પડી ગયા કે તેમને મદદ કોણ કરી રહ્યું છે? અને કેમ?

નિકોલસ ઈચ્છતો ન હતો કે તે માણસ આ બધું જાણે. તે માનતો હતો કે કોઈપણ  જાતના વખાણ કે અપેક્ષાની આશા વગર, ગુપ્ત રીતે કોઈને મદદ કરવી એ જ ઉત્તમ કહેવાય.



Akram Express

December 2015
Year : 8, Issue : 4
Conti. Issue No.: 88

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

પણ તે માણસને જાણવું જ હતું કે તેને મદદ કોણ કરે છે. તેની એક દીકરી બાકી હતી અને તેને આશા નહોતી કે તેને ફરીવાર મદદ મળશે જ. અને તેને મદદ કરનાર વિશે જાણવું પણ હતું. માટે તેણે બારી બંધ કરી દીધી અને બારણાં તરફ જોવા લાગ્યો. નિકોલસને મદદ તો કરવી હતી પણ જાણ નહોતી થવા દેવી. તેથી તેણે ઘરની પાછળથી ચિમનીમાં સોનું ભરેલી થેલી ત્રીજી દીકરીનાં લગ્ન માટે નાંખી.

આ રીતે, સેઈન્ટ નિકોલસે આખી જીંદગી કોઈપણ આશા વગર ગરીબ માણસની મદદ કરી. એમના આ ગુણને કારણે તેઓ વિશ્વભરમાં પ્રખ્યાત થયા.



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.